અનુસંધાન... પાના પહેલાનું

અગ્નિવીરોને 2 વર્ષનું...

પૂરા કરવાના આધારે તેમની કાયમી સૈનિક તરીકે ભરતી કરવામાં આવશે. ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (સીડીએસ) જનરલ એન. એસ. રાજા સુબ્રમણીએ માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવ સાથે સંયુક્ત પત્રકાર પરિષદ યોજીને આ નિર્ણયની જાહેરાત કરી હતી. અગ્નિપથ યોજનામાં ફેરફારની આ જાહેરાત દેશના યુવાનોના વિરોધ પ્રદર્શનો, બેરોજગારી મુદ્દે વિપક્ષના આકરા પ્રહારો અને પંજાબ તથા ઉત્તર પ્રદેશમાં આગામી સમયમાં યોજાનારી વિધાનસભા ચૂંટણીઓ વચ્ચે સામે આવી છે. હાલમાં ત્રણેય સેનાઓમાં 3,00,000થી વધુ અગ્નિવીરો સેવા આપી રહ્યા છે. 31 ડિસેમ્બર સુધીમાં પ્રથમ બેચના 18,300 અગ્નિવીરો નિવૃત્ત થવાના હતા, તેના 3 અઠવાડિયા પહેલા જ આ ઐતિહાસિક સુધારો કરવામાં આવ્યો છે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આ નિર્ણયને ભારતીય સેનાના લાંબા ગાળાના માળખાકીય સુધારાનો ભાગ ગણાવ્યો હતો, જે ટેકનોલોજીથી સજ્જ અને ભવિષ્ય માટે સક્ષમ સૈન્ય તૈયાર કરશે. સીડીએસ જનરલ સુબ્રમણીએ સ્પષ્ટ કર્યું હતું કે અગ્નિપથ યોજના બંધ નહીં થાય પરંતુ ચાલુ રહેશે. આ ઉપરાંત ભરતી પ્રક્રિયામાં ફિઝિકલ ટેસ્ટ પહેલા લેખિત પરીક્ષા યોજાશે અને સેવામાં મળેલા અનુભવના આધારે સૈનિકોને ઓફિશિયલ સ્કિલ સર્ટિફિકેટ પણ પ્રદાન કરવામાં આવશે. જોકે તેમણે આ નવી યોજના ભવિષ્યની નિયુક્તિઓમાં પણ લાગુ થશે કે નહીં તે અંગે સ્પષ્ટતા કરી ન હતી. અગ્નિપથ યોજનાએ સંરક્ષણ દળોની વિવિધ શાખાઓ મહિલાઓ માટે પણ ખુલ્લી મૂકી છે અને તેણે સેવાઓમાં કૌશલ્ય તેમજ ટેકનોલોજીકલ અનુકૂલનક્ષમતા વધારવામાં મદદ કરી છે. જ્યારે અગ્નિપથ યોજના શરૂ કરવામાં આવી હતી ત્યારે જ સ્પષ્ટ કરાયું હતું કે આ યોજના કોઈ સ્થાયી નથી. અગ્નિવીરોના દેખાવનું સતત મૂલ્યાંકન કરીને સમીક્ષા કરવાનો નિર્ણય અગાઉથી જ લેવાયો હતો. જ્યારે વિવિધ કેન્દ્રીય મંત્રાલયો અને રાજ્ય સરકારો દ્વારા 4 વર્ષ પછી નિવૃત્ત થતા અગ્નિવીરો માટે જાહેર કરાયેલી ભરતી યોજનાઓ અંગે પૂછવામાં આવ્યું, ત્યારે સીડીએસ જનરલે જણાવ્યું કે હવે 2 વર્ષના એક્સ્ટેન્શન અને કાયમી ભરતીના માર્ગ બાદ તે યોજનાઓની હવે કોઈ જરૂરિયાત રહેશે નહીં.

વિઝાની મુખ્ય...

બનાવવાનો નિર્ણય લેવાયો હતો. આ અંતર્ગત મુખ્ય વિઝા કેટેગરી 13થી ઘટાડીને 9 અને સબ-કેટેગરીની સંખ્યા 49થી ઘટાડીને 23 કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગૃહ મંત્રાલયના જણાવ્યા અનુસાર, વિઝા અરજી ફોર્મમાં વારંવાર પૂછાતી, બિનજરૂરી અને જટિલ વિગતોને દૂર કરીને ફોર્મના 70 ટકા ખાનાઓ હટાવી દેવામાં આવશે.

ટ્રમ્પની પાર્ટીનો સફાયો...

ઈરાન યુદ્ધ અને મોંઘવારી વધવાને કારણે પ્રમુખ ટ્રમ્પની નીતિઓ સામે લોકોમાં ફાટી નીકળેલો રોષ છે. વિવેક રામાસ્વામી ઓહાયોના ગવર્નર પદની રેસમાં ડેમોક્રેટિક ઉમેદવાર એમી એક્ટન સામે હારી ગયા છે. આ ઉપરાંત, ટેક્સાસમાં જીના હિનોજોસા ગવર્નર બનીને પ્રથમ લેટિન ગવર્નર બન્યા છે, જ્યારે જ્યોર્જિયામાં કીશા લાન્સ બોટમ્સ પ્રથમ અશ્વેત મહિલા ગવર્નર તરીકે ચૂંટાયા છે. કેન્સાસમાં 100 વર્ષ બાદ પ્રથમ વખત ડેમોક્રેટિક ઉમેદવાર એડમ હેમિલ્ટને સેનેટ સીટ જીતીને ઈતિહાસ રચ્યો છે. ટેક્સાસમાં જેક્સ્ટનના પરાજય સાથે 40 વર્ષ બાદ કોઈ ડેમોક્રેટ સેનેટમાં પહોંચશે.

પરાજય બાદ ટ્રમ્પ...

(જીટીઆરઆઈ)ના સ્થાપક અજય શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, 'મિડટર્મ ચૂંટણીના નકારાત્મક પરિણામો છતાં ટ્રમ્પની મૂળ વેપાર નીતિમાં મોટો ફેરફાર નહીં થાય, કારણ કે ડેમોક્રેટ્સ અને રિપબ્લિકન્સ બંને આર્થિક રાષ્ટ્રવાદ અને સ્થાનિક ઉત્પાદનનું સમર્થન કરે છે. જોકે, મિડટર્મમાં થયેલા નુકસાન બાદ ટ્રમ્પ પોતાની કારોબારી સત્તાનો ઉપયોગ કરીને અમેરિકી કૃષિ અને ઔદ્યોગિક ઉત્પાદનોને ભારતીય બજારમાં પહોંચ આપવા માટે ભારત પર વહેલી તકે ટ્રેડ ડીલ સાઇન કરવા દબાણ કરી શકે છે.'

ટ્રમ્પે હાર સ્વીકારી...

જો કે, તેમણે પુનરોચ્ચાર કર્યો કે જો તેઓ પોતે બેલેટ પેપર પર હોત તો પાર્ટી જબરદસ્ત બહુમતીથી જીતી હોત. ટ્રુથ સોશિયલ પર 'VETO' લખેલી લાલ કેપની તસવીર શેર કરતા ટ્રમ્પે ચેતવણી આપી હતી કે જો ડેમોક્રેટ્સ સહકાર નહીં આપે તો તેમની પાસે વીટો પાવરનો ઉપયોગ કરવાનો વિકલ્પ છે.

મિશિગનથી પ્રથમ...

સરકારના મંત્રી અને ભટકલના ભૂતપૂર્વ ધારાસભ્યના પૌત્રી છે. અબ્દુલ અને સારાની મુલાકાત યુનિવર્સિટી ઓફ મિશિગન ખાતે થઈ હતી, જ્યાં તેઓ 'મુસ્લિમ સ્ટુડન્ટ્સ એસોસિએશન' સાથે જોડાયેલા હતા. મે 2006માં (જ્યારે સારા 19 અને અબ્દુલ 21 વર્ષના હતા) તેમના લગ્ન થયા હતા. પોતાના પત્નીના ભારતીય મૂળ અંગે વાત કરતાં અબ્દુલે રમુજમાં કહ્યું હતું કે, 'હું છેલ્લા ૨૦ વર્ષથી દક્ષિણ ભારતીય પરિવાર સાથે જોડાયેલો છું. હું ભારતીય સંસ્કૃતિમાં એટલો ભળી ગયો છું કે કદાચ હવે અરબ કરતાં વધુ ભારતીય બની ગયો છું!' એલેક્ઝાન્ડ્રિયા ઓકાસિયો-કોર્ટેઝ જેવા દિગ્ગજોના સમર્થનથી જીતેલા અલ-સૈયદની આ જીત 2028ની પ્રમુખપદની ચૂંટણી પહેલા પ્રગતિશીલ જૂથ માટે મોટું બળ પૂરું પાડશે.

સારા જુકાકુના પરિવારનો ઈતિહાસ

સારાના દાદા જે.એચ. શમ્સુદ્દીન જુકાકુ દક્ષિણ ભારતમાં વસેલા 'નવાયથ' મુસ્લિમ સમુદાયના પ્રથમ વકીલ અને મંત્રી બન્યા હતા. તેઓ 1950ના દાયકામાં બી.ડી. જત્તી અને એસ. નિજલિંગપ્પાની મૈસૂર સરકારમાં નાણાં અને વીજળી વિભાગના નાયબ મંત્રી રહી ચૂક્યા હતા. ભટકલ ક્ષેત્રમાં વીજળી અને શિક્ષણનો પાયો નાખવામાં તેમનું મોટું યોગદાન હતું, જેના કારણે ત્યાં 'શમ્સુદ્દીન સર્કલ' પણ નામ આપવામાં આવ્યું હતું.

આ બધું જ...

ઓહાયોમાં પ્રથમ મહિલા ગવર્નરઃ ડેમોક્રેટ અમી એક્ટને રિપબ્લિકન વિવેક રામાસ્વામીને હરાવીને ઓહાયોના પ્રથમ મહિલા ગવર્નર બનવાની સિદ્ધિ મેળવી છે.

કેલિફોર્નિયા અને ટેક્સાસમાં લેટિનો નેતૃત્વ

કેલિફોર્નિયામાં ડેમોક્રેટ ઝેવિયર બેસેરા રાજ્યના પ્રથમ ચુંટાયેલા લેટિનો ગવર્નર બન્યા છે.

સ્થળાંતર (ઇમિગ્રેશન)ના મુદ્દે આકરા પ્રચારનો સામનો કરનાર ટેક્સાસ રાજ્યમાં ડેમોક્રેટ ગીના હિનોજોસા પ્રથમ લેટિના ગવર્નર તરીકે ચૂંટાયા છે.

મૂળઅમેરિકીનેતાઓનીઐતિહાસિકજીત

પૂર્વ યુ.એસ. ઈન્ટિરિયર સેક્રેટરી ડેબ હાલેન્ડ ન્યૂ મેક્સિકોના પ્રથમ મૂળ અમેરિકી ગવર્નર બન્યા છે.

મિનેસોટાના લેફ્ટનન્ટ ગવર્નર પેગી ફ્લાનાગન યુ.એસ. સેનેટમાં ચૂંટાનારા પ્રથમ મૂળ અમેરિકી મહિલા બન્યા છે.

પ્રથમ ગે સેનેટરઃ ન્યૂ હેમ્પશાયરથી ડેમોક્રેટ ક્રિસ પપ્પાસ યુ.એસ. સેનેટમાં ચૂંટાઈ આવનારા દેશના પ્રથમ સમલૈંગિક પુરુષ સેનેટર બન્યા છે.

અશ્વેત ગવર્નરોના વિજયઃ

વિસ્કોન્સિનમાં ડેમોક્રેટ ડેવિડ ક્રાઉલીએ ગવર્નર પદ જીતીને પ્રથમ અશ્વેત ગવર્નર બનવાનું બહુમાન મેળવ્યું.

ફ્લોરિડામાં રિપબ્લિકન બાયરન ડોનાલ્ડ્સ રાજ્યના પ્રથમ અશ્વેત ગવર્નર તરીકે ચૂંટાયા છે (તેમણે રોન ડિસેન્ટિસનું સ્થાન લીધું છે).

ટેનેસીમાં પ્રથમ મહિલા ગવર્નરઃ રિપબ્લિકન માર્શા બ્લેકબર્ને ડેમોક્રેટ જેરી ગ્રીનને હરાવીને ટેનેસીના પ્રથમ મહિલા ગવર્નર તરીકે જીત દર્જ કરી છે.

દક્ષિણ ગુજરાત વિજ કંપની લિમિટેડ

DGVCL

CIN U40102GJ2003SGC042909

વાપી ગ્રામ્ય વિભાગીય કચેરી

બલિઠા બ્રિજ ની પાસે, બલિઠા, વાપી -396191

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

વીજ પ્રવાહ બંધ રહેવા અંગે ની જાહેરાત

આથી અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે, નીચે દર્શાવેલ સબ-સ્ટેશનમાં તથા ફીડરોમાં જરૂરી સમારકામ કરવાનું હોવાથી નીચે જણાવેલ તારીખે જે તે ફીડરો તથા સબ-સ્ટેશનનો વીજ પ્રવાહ બંધ રહેશે.

ક્રમ	સબ-સ્ટેશન	ફીડર	સબ-ડિવિઝન	ફોલ્ટ સેન્ટર નં.	તારીખ/વાર	સમય
૧	૬૬ કે.વી. GIDC Ph-4	૧૧ કે.વી. કરવડ	ડુંગરા	૯૯૦૯૯૩૭૫૨૧	૦૫-૧૧-૨૦૨૬/ગુરુવાર	૧૦:૦૦ થી ૧૩:૦૦
૨	૬૬ કે.વી. GIDC Ph-4	૧૧ કે.વી. લેકવ્યૂ	ડુંગરા	૯૯૦૯૯૩૭૫૨૧	૦૫-૧૧-૨૦૨૬/ગુરુવાર	૧૦:૦૦ થી ૧૩:૦૦
૩	૬૬ કે.વી. GIDC Ph-4	૧૧ કે.વી. મહાવીર	ડુંગરા	૯૯૦૯૯૩૭૫૨૧	૦૫-૧૧-૨૦૨૬/ગુરુવાર	૧૦:૦૦ થી ૧૩:૦૦
૪	૬૬ કે.વી. GIDC Ph-4	૧૧ કે.વી. દમણગંગા	ડુંગરા	૯૯૦૯૯૩૭૫૨૧	૦૫-૧૧-૨૦૨૬/ગુરુવાર	૧૦:૦૦ થી ૧૩:૦૦
૫	૬૬ કે.વી. GIDC Ph-4	૧૧ કે.વી. એસ & જે	ડુંગરા	૯૯૦૯૯૩૭૫૨૧	૦૫-૧૧-૨૦૨૬/ગુરુવાર	૧૦:૦૦ થી ૧૩:૦૦

કાર્યપાલક ઇજનેર, વાપી રૂરલ વિભાગીય કચેરી, બલિઠા.

એમ.સી.બી./ઇ.એલ.સી.બી./આર.સી.સી.બી. લગાવી વીજળી ના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.

જાહેર વિજ્ઞપ્તિ

અંબિકા વિભાગ નવસારી હેઠળ કાકરાપાર ડાબા કાંઠા મુખ્ય નહેર (૧૫૧.૦૦ આર.ડી.પછી) તથા ઉભરાટ શાખા નહેર (૫૮.૦૦ આર.ડી.પછી) વહેવડાવવાનું આયોજન

અંબિકા વિભાગ નવસારી હસ્તકની કાકરાપાર ડાબા કાંઠા નહેરના પિયત વિસ્તારના લાભિત ખાતેદારો, કા.ડા.કા.મુખ્ય નહેર હેઠળની પિયત સહકારી મંડળીઓ, ઉદવહનસિંચાઇ યોજનાઓ, પાણીપુરવઠા યોજનાઓ તેમજ ઉદ્યોગકારો જોગ

આથી અંબિકા વિભાગ નવસારી હસ્તકની કાકરાપાર ડાબા કાંઠા મુખ્ય નહેર(૧૫૧.૦૦ આર.ડી.પછી) ના લાભિત ખેડુત ખાતેદારો તેમજ પાણી લેતી સંસ્થાઓને સવિનય જણાવવાનું કે, અત્રે કચેરી હેઠળની કાકરાપાર ડાબા કાંઠા મુખ્ય નહેર (૧૫૧.૦૦ આર.ડી.પછી) નું ખરીફ-૨૦૨૬+રવિ ઋતુ-૨૦૨૬-૨૭ અને ઉનાળુ ઋતુ-૨૦૨૭ નું રોટેશન ઉકાઇ ડેમમાં ઉપલબ્ધ પાણી ના જથ્થાને ધ્યાને લઇ કમાન્ડ વિસ્તારના મહાનુભાવો તથા કમાન્ડ વિસ્તારના ખાતેદારોના સુચનો ધ્યાને લેતાં નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે

અ.નં.	લાગુ નહેરનું નામ	રોટેશનનો સમયગાળો	દિન	લાગુ નહેરનું નામ	રોટેશનનો સમયગાળો	દિન
૧	કાકરાપાર ડાબા કાંઠા મુખ્ય નહેર ૧૫૧.૦ આર.ડી. (૪૬.૦૨૫ કી.મી.) થી ૧૭૩.૦ આર.ડી. (૫૨.૪૪૦ કી.મી. સુધી), અમલસાડ બ્રાંચ નવસારી બ્રાંચ, ગણદેવી ડીસ્ટ્રી	તા.૧૬-૧૦-૨૬ થી તા.૨૭-૧૦-૨૬	૧૨ ચાલુ	કાકરાપાર ડાબાકાંઠા મુખ્ય નહેર ૧૭૩.૦ આર.ડી. (૫૨.૪૪ કી.મી.)થી ટેઇલ, વલસાડ બ્રાંચ-૦થી ટેઇલ, ચીખલી ડીસ્ટ્રી, તેજલાવ ડીસ્ટ્રી	તા.૨૮-૧૦-૨૬ થી તા.૦૮-૧૧-૨૬	૧૨ ચાલુ
૨		તા.૦૯-૧૧-૨૬ થી તા.૧૮-૧૧-૨૬	૧૦ ચાલુ		તા.૧૯-૧૧-૨૬ થી તા.૨૮-૧૧-૨૬	૧૦ ચાલુ
૩		તા.૨૯-૧૧-૨૬ થી તા.૦૪-૧૨-૨૬	૦૬ ચાલુ		તા.૦૫-૧૨-૨૬ થી તા.૧૦-૧૨-૨૬	૦૬ ચાલુ
૪		તા.૧૧-૧૨-૨૬ થી તા.૧૪-૦૧-૨૭ (૩૫ દિવસ)	મુખ્ય નહેર બંધ		તા.૧૧-૧૨-૨૬ થી તા.૧૪-૦૧-૨૭ (૩૫ દિવસ)	મુખ્ય નહેર બંધ
૫		તા.૧૫-૦૧-૨૭ થી તા.૨૯-૦૧-૨૭	૧૫ ચાલુ		તા.૩૦-૦૧-૨૭ થી તા.૧૩-૦૨-૨૭	૧૫ ચાલુ
૬		તા.૧૪-૦૨-૨૭ થી તા.૨૫-૦૨-૨૭	૧૨ ચાલુ		તા.૨૬-૦૨-૨૭ થી તા.૦૯-૦૩-૨૭	૧૨ ચાલુ
૭		તા.૧૦-૦૩-૨૭ થી તા.૧૯-૦૩-૨૭	૧૦ ચાલુ		તા.૨૦-૦૩-૨૭ થી તા.૨૯-૦૩-૨૭	૧૦ ચાલુ
૮		તા.૩૦-૦૩-૨૭ થી તા.૧૩-૦૪-૨૭	૧૫ ચાલુ		તા.૧૪-૦૪-૨૭ થી તા.૨૮-૦૪-૨૭	૧૫ ચાલુ
૯		તા.૨૯-૦૪-૨૭ થી તા.૧૦-૦૫-૨૭	૧૨ ચાલુ		તા.૧૧-૦૫-૨૭ થી તા.૨૨-૦૫-૨૭	૧૨ ચાલુ
૧૦		તા.૨૩-૦૫-૨૭ થી તા.૦૩-૦૬-૨૭	૧૨ ચાલુ		તા.૦૪-૦૬-૨૭ થી તા.૧૫-૦૬-૨૭	૧૨ ચાલુ
	પાણી વહેવડાવવાના દિવસો	કુલ	૧૦૪	પાણી વહેવડાવવાના દિવસો	કુલ	૧૦૪

વિશેષ નોંધઃ અત્રેના વેસ્મા સિંચાઇ પેટાવિભાગ હેઠળ ઉભરાટ બ્રાંચ નહેર ૫૮.૦૦ આર.ડી. (૧૭.૬૮ કી.મી. થી ટેઇલ) માં તા.૧૬-૧૦-૨૬ થી તા.૧૦-૧૨-૨૬ (૫૬ દિવસ) તથા તા.૧૫-૦૧-૨૭ થી ૧૫-૦૬-૨૭ (૧૫૨ દિવસ) દરમ્યાન પાણી વહેવડાવવામાં આવશે તથા નહેર સુધારણાના ખાસ કામ માટે તા. ૧૧-૧૨-૨૬ થી તા.૧૪-૦૧-૨૭ (૩૫ દિવસ) નહેર બંધ રહેશે.

નોંધઃ અનિવાર્ય સંજોગોમાં આ કાર્યક્રમ ફેરફારને પાત્ર થશે.

શરતોઃ-

(૧) પિયત મંડળી વિસ્તારમાં પાણી આપવાની અગ્રતા આપવામાં આવશે.
(૨) જે પિયત મંડળી વિસ્તારમાં ખેડુતો સભ્ય થયેલ નથી તેઓશ્રીને પાણીની વહેંચણી મંડળીના પરામર્શમાં રહી કરવાની રહેશે.
(૩) ઉનાળુ ઋતુ-૨૦૨૭ ની સિંચાઇ માટે પાણી લેવા અરજી સ્વીકારવાની છેલ્લી નિર્ધારિત તા. ૩૧-૦૩-૨૦૨૭ છે તે મુજબ સિંચાઇકારોએ સંબંધીત પેટા કચેરીમાં અરજી સાદર કરવાની રહેશે. નિર્ધારિત સમય બાદ મળેલ અરજી બાબતે નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે.
(૪) જે ખેડુતોએ સિંચાઇનું ફોર્મ ભરેલ નહીં હોય એવા ખેડુતોને પાણી આપવામાં આવશે નહીં અને બિન અધિકૃત રીતે પાણી લેવામાં આવશે તો નિયમોનુસાર દંડનીય કાર્યવાહી કરવામાં આવશે.
(૫) ખેડૂતોએ પિયાવો સમયસર ભરી દેવાનો રહેશે.
(૬) તા.૧૧-૧૨-૨૬ થી તા.૧૪-૦૧-૨૭ (૩૫ દિવસ) સુધી નહેરોની ખાસ કિસ્સામાં રીનોવેશનની કામગીરી કરવાની હોવાથી તમામ નહેરો બંધ રહેશે તથા આ સમયગાળા દરમ્યાન સિંચાઇકારો અને લાગુ સંસ્થાઓએ જાતે પાણીની વૈકલ્પિક વ્યવસ્થા કરવાની રહેશે.
(૭) જે માઇનોર પર ૪૦ % કરતા ઓછા ફોર્મ હશે તે માઈનોરમાં પાણી વહેવડાવવામાં આવશે નહીં.
(૮) દરેક રોટેશન દરમિયાન ખાતેદારોને આપવામાં આવેલ સિંચાઇનું પાણી પ્રતિપાણ/હેક્ટર પ્રમાણે આકારણી કરવામાં આવતી હોય પાણીનો કરકસર યુક્ત ઉપયોગ કરવા વિનંતી છે.
(૯) ફીલ્ડ ચેનાલની સાફ-સફાઇ તેમજ મરામત સિંચાઈકારોએ જાતે અગાઉથી કરી પાણીનો બગાડ અટકાવવાનો રહેશે.
(૧૦) રોટેશન અનુસાર ખેડુતોને પાકનું આયોજન કરવાનું રહેશે. રોટેશનની તારીખમાં શક્ય હશે ત્યાં સુધી કોઇ પણ ફેરફાર કરવામાં આવશે નહીં. રોટેશન દરમિયાન ખેડુતોએ તારીખ પ્રમાણે જરૂરીયાત અનુસાર પાણી લેવાનું રહેશે.
(૧૧) રોટેશન દરમિયાન બાગાયતદારને એકજ વાર પાણી આપવામાં આવશે.
(૧૨) દરેક નહેરના છેવાડાના વિસ્તારથી સિંચાઇ ચાલુ કરવાની રહેશે. જેમાં સિંચાઇકારોએ સાથ આપવાનો રહેશે.

નોંધ :- અનિવાર્ય સંજોગોમાં આ કાર્યક્રમ ફેરફારને પાત્ર રહેશે.

કાર્યપાલક ઇજનેર, અંબિકા વિભાગ, નવસારી

માહિતી/નવસારી/૪૨૬/૨૦૨૬

સુરત મહાનગરપાલિકા

(Visit us at www.Suratmunicipal.gov.in)

FIT INDIA

આકારણી અને વસુલાત વિભાગ

સને ૨૦૨૬-૨૭ નાં વર્ષ માટેની આકારણી અંગેની જાહેર નોટિસ

વિસ્તાર : સુરત મહાનગરપાલિકાની હદ વિસ્તારમાં આવેલ સેન્ટ્રલ ઝોન નાં વોર્ડ નં.૦૮-એ,બી(ગોપીપુરા), નોર્થ ઝોન(કતારગામ) નાં વોર્ડ નં.૧૯-જી,જે(કતારગામ), ઈસ્ટ(વરાછા)ઝોન-એ નાં વોર્ડ નં.૧૮-ડી(એ.કે.રોડ-વરાછા), ઈસ્ટ ઝોન-બી(નવો પૂર્વ ઝોન(સરથાણા)) નાં વોર્ડ નં.૭૦-એ(સરથાણા), સાઉથ ઝોન-એ(ઉધના-એ) નાં વોર્ડ નં.૬૮-એ,બી,સી,ડી,ઈ(બમરોલી), સાઉથ વેસ્ટ ઝોન(અઠવા)નાં વોર્ડ નં.૩૭-એ (પીપલોદ), ૫૬-એ(સરકારી મિલકત), ૮૬-એ(મગદલ્લા), સાઉથ ઈસ્ટ ઝોન(લીંબાયત) નાં વોર્ડ નં.૨૫-એ,બી,સી(લીંબાયત) ના વિસ્તારોમાં આવેલ ઈમારતો / જગ્યાઓના સંદર્ભ માં સને ૨૦૨૬-૨૭ નાં નાણાકીય વર્ષની શરૂઆતથી અમલમાં આવતી "નવી આકારણીની ચોપડી" બાબત.

૧/ સને ૧૯૪૯ નાં મુંબઈ પ્રાંતીય મહાનગરપાલિકાઓના અધિનિયમ (સને ૧૯૪૯ નાં મુંબઈ અધિનિયમ ક્રમાંક - ૫૯) ની અનુસૂચિ-ક ના પ્રકરણ-૮ અન્વયે કરવેરાનાં નિયમોના નિયમ-૨૧ નાં પેટા નિયમ (૨) અન્વયે ઠરાવ્યા મુજબ મજકુર અધિનિયમ અન્વયેનાં મિલકતકારોનાં હેતુ માટે સુરતની કોર્પોરેશને નક્કી કરેલ સેન્ટ્રલ ઝોન નાં વોર્ડ નં.૦૮-એ,બી(ગોપીપુરા), નોર્થ ઝોન(કતારગામ) નાં વોર્ડ નં.૧૯-જી,જે(કતારગામ), ઈસ્ટ(વરાછા)ઝોન-એ નાં વોર્ડ નં.૧૮-ડી(એ.કે.રોડ-વરાછા), ઈસ્ટ ઝોન-બી(નવો પૂર્વ ઝોન(સરથાણા)) નાં વોર્ડ નં.૭૦-એ(સરથાણા), સાઉથ ઝોન-એ(ઉધના-એ) નાં વોર્ડ નં.૬૮-એ,બી,સી,ડી,ઈ(બમરોલી), સાઉથ વેસ્ટ ઝોન(અઠવા)નાં વોર્ડ નં.૩૭-એ (પીપલોદ), ૫૬-એ(સરકારી મિલકત), ૮૬-એ(મગદલ્લા), સાઉથ ઈસ્ટ ઝોન(લીંબાયત) નાં વોર્ડ નં.૨૫-એ,બી,સી(લીંબાયત) હેઠળનાં સ્થાનિક વિસ્તારોમાં આવેલી ઈમારતો/જમીનો/જગ્યાઓ નાં સંદર્ભમાં મજકુર કરવેરાનાં નિયમોના નિયમ-૯ નાં ખંડ (ક) થી (જ) અન્વયે ઠરાવ્યા મુજબની વિગતો સને ૨૦૨૬-૨૭ નાં નાણાકીય વર્ષથી અમલમાં આવતી નવી આકારણીની ચોપડી તૈયાર કરવામાં આવેલી છે અને તદ્દઅનુસાર મિલકતકારો આકારવાનું, ઉઘરાવવાનું તથા વસુલ કરવાનું નક્કી કરવામાં આવેલ છે.

૨/ મ્યુનિ. સેન્ટ્રલ ઝોન નાં વોર્ડ નં.૦૮-એ,બી(ગોપીપુરા), નોર્થ ઝોન(કતારગામ) નાં વોર્ડ નં.૧૯-જી,જે(કતારગામ), ઈસ્ટ(વરાછા) ઝોન-એ નાં વોર્ડ નં.૧૮-ડી(એ.કે.રોડ-વરાછા), ઈસ્ટ ઝોન-બી(નવો પૂર્વ ઝોન(સરથાણા)) નાં વોર્ડ નં.૭૦-એ(સરથાણા), સાઉથ ઝોન-એ(ઉધના-એ)નાં વોર્ડ નં.૬૮-એ,બી,સી,ડી,ઈ(બમરોલી), સાઉથવેસ્ટ ઝોન(અઠવા) નાં વોર્ડ નં.૩૭-એ (પીપલોદ), ૫૬-એ(સરકારી મિલકત), ૮૬-એ(મગદલ્લા), સાઉથ ઈસ્ટ ઝોન(લીંબાયત) ના વોર્ડ નં.૨૫-એ,બી,સી(લીંબાયત) ની આવેલ તમામ ઈમારતો/ જમીનો / જગ્યાઓના સંદર્ભમાં મિલકતવેરો ભરવાને પ્રથમતઃ જવાબદાર વ્યક્તિઓ/તેના ધારણ કરનારાઓ/ તેના ભોગવટો કરનાર હોવાનો વ્યાજબી રીતે દાવો કરતી હોય તેવી વ્યક્તિઓને, મજકુર કરવેરા નિયમોના નિયમ-૧૩ અને ૧૫ અન્વયે ઠરાવ્યા મુજબ આથી જાહેર નોટિસ આપી જણાવવામાં આવે છે કે, મજકુર નવી આકારણીની ચોપડીના કરવેરાના નિયમોના નિયમ-૯ નાં ખંડ (ક) થી (જ) અન્વયે ઠરાવ્યા મુજબની વિગતોને લગતી તમામ નોધો જે મિલકત કરોના હેતુ માટે સને ૨૦૨૬-૨૭ નાં નાણાકીય વર્ષની શરૂઆતથી અમલમાં આવતી હોવાથી મજકુર આકારણીની ચોપડી સુરત મહાનગરપાલિકાનાં જે તે ઝોન કચેરીનાં એસેસમેન્ટ એન્ડ રીકવરી વિભાગની કચેરીમાં જાહેર તહેવારોની રજાઓના દિવસો સિવાયના દિવસોએ તા.૧૯/૧૧/૨૦૨૬ સુધી કચેરી સમય દરમ્યાન ૧૦.૩૦ ક. થી સાંજે ૬.૧૦ કલાક સુધી (બપોરે ૨.૩૦ ક. થી ૩.૦૦ ક. રિસેષ સિવાય) જોવા માટે ખુલ્લી રાખવામાં આવશે. મજકુર ઈમારત/જમીન/જગાના માલિક/મિલકત કરો ભરવાને પ્રથમતઃ જવાબદાર વ્યક્તિ/તેના ધારણ કરનાર/તેનો ભોગવટો કરનાર હોવાનો વ્યાજબી દાવો કરતી હોય તેવી વ્યક્તિ કે ભોગવટો કરનાર એજન્ટને કોઈપણ ચાર્જ લીધા વગર ઉક્ત ઈમારત/જમીન/જગાને લગતી ઉક્ત ચોપડીનો કોઈપણ ભાગ જોવા દેવામાં આવશે અથવા તેમાંથી કોઈ નોંધના ઉતારા લેવા દેવામાં આવશે.

૩/ આથી જાહેર સુચના આપવામાં આવે છે કે, મિલકત કરોના હેતુ સારૂ સને ૨૦૨૬-૨૭નાં નાણાકીય વર્ષની શરૂઆતથી અમલમાં આવતી અને તેવી મિલકત ઈમારત/જમીન/જગાને લગતી કોઈપણ નોંધ કે નોંધો ની સામે કોઈ ફરિયાદ હોય તો તેવી ફરિયાદના કારણો ટૂંકાણમાં પણ પૂરેપૂરા જણાવી તેવી લેખિત ફરિયાદ (હરકત અરજી) જરૂરી સાધનિક પુરાવાઓ સહિત આ નોટિસ પ્રસિદ્ધ થયા બાદ તા.૧૯/૧૧/૨૦૨૬ સુધીના નિયત સમયમર્યાદામાં મ્યુનિ. કમિશનરશ્રીને પહોંચે તે રીતે મોકલી આપવાની રહેશે. વહીવટી સરળતા ખાતર આવી ફરિયાદ અરજી સુરત મહાનગરપાલિકાનાં જે તે ઝોન ખાતેના નાગરિક સુવિધા કેન્દ્રમાં રૂા.૫૦/- નાં ફોર્મમાં રજુ કરવી વધુ હિતાવહ ગણાશે. મ્યુનિસિપલ કમિશનરશ્રી સિવાયની અન્ય વ્યક્તિને સંબોધીને અથવા ઉપરોક્ત સમયમર્યાદા બહાર રજુ થયેલ અને/અથવા પૂરેપૂરા કારણો જણાવ્યા ન હોય તેવી અને/અથવા અધૂરા કારણોવાળી અને/અથવા જરૂરી સાધનિક પુરાવાઓ વગરની કોઈપણ ફરિયાદ/અરજી પર ધ્યાન આપવામાં આવશે નહી. આવી ફરિયાદ અરજી દફતરે કરવાને પાત્ર ઠરશે. પ્રત્યેક ટેનામેન્ટના સંદર્ભમાં સંપૂર્ણ માહિતીઓવાળી અલગ અલગ ફરિયાદ અરજી રજુ કરવાની રહેશે. આ મુજબ કરેલ લેખિત ફરિયાદ અરજીઓની તપાસ અને તેનો નિકાલ મજકુર કરવેરા નિયમો અન્વયે ઠરાવ્યા મુજબ કરવામાં આવશે.

૪/ વધુમાં આવી પણ સ્પષ્ટતા કરવામાં આવે છે કે, જો લેખિત ફરિયાદ અરજી નિયત સમયમર્યાદામાં મ્યુનિસિપલ કમિશનરશ્રીને પહોંચાડવામાં ન આવશે તો મજકુર બાબતમાં એવી વ્યક્તિ/વ્યક્તિઓને કોઈ જ ફરિયાદ નથી તેમ સમજી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૫/ મ્યુનિ. સેન્ટ્રલ ઝોન નાં વોર્ડ નં.૦૮-એ,બી(ગોપીપુરા), નોર્થ ઝોન(કતારગામ) નાં વોર્ડ નં.૧૯-જી,જે(કતારગામ), ઈસ્ટ(વરાછા) ઝોન-એ નાં વોર્ડ નં.૧૮-ડી(એ.કે.રોડ-વરાછા), ઈસ્ટ ઝોન-બી(નવો પૂર્વ ઝોન(સરથાણા)) નાં વોર્ડ નં.૭૦-એ(સરથાણા), સાઉથ ઝોન-એ(ઉધના-એ)નાં વોર્ડ નં.૬૮-એ,બી,સી,ડી,ઈ(બમરોલી), સાઉથ વેસ્ટ ઝોન(અઠવા) નાં વોર્ડ નં.૩૭-એ (પીપલોદ), ૫૬-એ(સરકારી મિલકત), ૮૬-એ(મગદલ્લા), સાઉથ ઈસ્ટ ઝોન(લીંબાયત) ના વોર્ડ નં.૨૫-એ,બી,સી(લીંબાયત) ની વાંધા અરજીઓ જે તે ઝોનના નાગરિક સુવિધા કેન્દ્રમાં સ્વીકારવામાં આવશે તેમજ એસેસમેન્ટ રજીસ્ટરો જે તે ઝોનમાં એસેસમેન્ટ એન્ડ રીકવરી વિભાગમાં તા.૧૯/૧૧/૨૦૨૬ સુધી જોવા માટે ખુલ્લા રાખવામાં આવશે.

૬/ વાંધા અરજી(હરકત અરજી) નિયત કરેલા રૂા.૫૦/- નાં ફોર્મમાં જ રજૂ કરવાની રહેશે. જે અરજી ફોર્મ સુરત મહાનગરપાલિકાની ઝોન ઓફિસ/નાગરિક સુવિધા કેન્દ્રો પરથી મળી રહેશે. તથા સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.Suratmunicipal.gov.in પરથી વિના મૂલ્યે ફોર્મ મેળવી શકશો.

નં.પી.આર.ઓ./૩૨૬/૨૦૨૬-૨૭
તા. ૦૪-૧૧-૨૦૨૬

મ્યુનિ.કમિશનર
સુરત મહાનગરપાલિકા

અમેરિકાનાં મતદારોએ ડોનાલ્ડ ટ્રમ્પના ગાલ પર સણસણતો તમાચો માર્યો છે



અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના બે વર્ષના કાર્યકાળ દરમિયાન ટેરિફથી માંડીને ઇરાન સામેના યુદ્ધમાં જે ભાંગરો વાટ્યો, તેની સજા તેમને અમેરિકાનાં મતદારોએ કરી છે. અમેરિકાના રાષ્ટ્રપતિને મળેલી વિશાળ બંધારણીય સત્તાઓનો દુરુપયોગ કરીને ડોનાલ્ડ ટ્રમ્પ લગભગ સરમુખત્યાર બની ગયા હતા. અમેરિકાની લોકશાહી સંસ્થાઓને જાણે તેમણે પોતાની દાસી બનાવી દીધી હતી. અમેરિકાનાં મતદારોનું મગજ હજુ સાબૂત છે, માટે તેમણે પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને લોકશાહીને ખતમ કરવાના ટ્રમ્પના મનસૂબાઓ પર પાણી ફેરવી દીધું છે. ડોનાલ્ડ ટ્રમ્પ ભલે કહેતા કે આ ચૂંટણી તેમના પ્રમુખપદની ચૂંટણી નથી, પણ રિપબ્લિકન પાર્ટીની ચૂંટણી છે, પણ હકીકતમાં અમેરિકાનાં મતદારોએ ટ્રમ્પના બે વર્ષના પ્રમુખપદ બાબતમાં પોતાનો ફેંસલો સંભળાવી દીધો છે. હવે બે વર્ષ સુધી ડોનાલ્ડ ટ્રમ્પ પ્રમુખ તરીકે ચાલુ રહેશે, પણ પ્રતિનિધિ સભા અને સેનેટમાં ડેમોક્રેટિક પક્ષની બહુમતી હોવાથી ટ્રમ્પે કોઇ પણ કાયદો પસાર કરાવવો હશે તો ડેમોક્રેટના તાલે નાચવું પડશે. ડોનાલ્ડ ટ્રમ્પે ઇઝરાયલના ઈશારે, અમેરિકાની સેનેટને પૂછ્યા વિના અમેરિકાને યુદ્ધમાં ધકેલી દીધું તે યુદ્ધને પણ અમેરિકાની પ્રજાએ નકારી કાઢ્યું છે. ડોનાલ્ડ ટ્રમ્પની આ હાર પછી તેમણે ઇરાન સામેના યુદ્ધમાં સમાધાન કરવું જ પડશે.

અમેરિકાની મિડ ટર્મ ચૂંટણીનાં પરિણામોમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમની રિપબ્લિકન પાર્ટીને મોટો ઝટકો લાગ્યો છે. બપોરે ૩ વાગ્યા સુધીમાં ડેમોક્રેટિક પાર્ટીએ અમેરિકન કોંગ્રેસનાં બંને ગૃહો પર સંપૂર્ણ નિયંત્રણ મેળવી લીધું છે. ૪૩૫ બેઠકોવાળા હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં ડેમોક્રેટ્સ ૨૩૧ બેઠકો ધરાવે છે, જે બહુમતીનો આંકડો (૨૧૮) વટાવી ગયો છે, જ્યારે રિપબ્લિકન પાર્ટી ૧૩૯ બેઠકો પર સમેટાઇ ગઈ છે. દરમિયાન ૧૦૦ બેઠકોવાળી સેનેટમાં ડેમોક્રેટ્સે ૫૪ બેઠકો જીતીને બહુમતી મેળવી છે, જ્યારે રિપબ્લિકન્સને માત્ર ૪૪ બેઠકો મળી છે. બંને ગૃહોમાં ડેમોક્રેટ્સ માટે આ નોંધપાત્ર જીતે અમેરિકન શક્તિનું સંતુલન બદલી નાખ્યું છે અને તેની સીધી અસર ટ્રમ્પ વહીવટીતંત્રની આગામી કાર્યસૂચિ પર પડશે તે નિશ્ચિત છે.

ડોનાલ્ડ ટ્રમ્પ માટે મિડ ટર્મ ચૂંટણીઓ ફક્ત તેમની બેઠકો બચાવવા માટેની લડાઈ નહોતી, પરંતુ તેમની રાજકીય સ્થિતિની મોટી કસોટી હતી. આ ચૂંટણીઓનાં પરિણામો ડોનાલ્ડ ટ્રમ્પના બીજા કાર્યકાળ પર રાષ્ટ્રવ્યાપી ચુકાદો છે. જીવનનિર્વાહના વધી રહેલા ખર્ચ, આડેધડ લાદવામાં આવેલા ટેરિફ અને ઈરાન સામેના યુદ્ધ અંગે પ્રજામાં અસંતોષ ધૂંધવાતો હતો. ઈંધણના ભાવમાં તીવ્ર વધારો થયો છે, જે રિપબ્લિકન પક્ષ પર ભારે પડી રહ્યો છે. રાષ્ટ્રપતિ તરીકે ડોનાલ્ડ ટ્રમ્પની લોકપ્રિયતા રેકોર્ડ નીચી સપાટીએ પહોંચી ગઈ છે. મતદારો વધી રહેલી મોંઘવારી માટે ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્રને દોષી ઠેરવે છે અને ઇચ્છે છે કે કોંગ્રેસ તેમના પર વધુ નિયંત્રણો લાદે.

મધ્યસત્ર ચૂંટણીઓમાં ડેમોક્રેટિક પાર્ટીએ હાઉસ અને સેનેટ બંને પર નિયંત્રણ મેળવ્યા પછી 'વીટો' શબ્દ અમેરિકન રાજકારણમાં સૌથી વધુ ચર્ચિત શબ્દ બની ગયો છે. આનો અર્થ એ છે કે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ કોંગ્રેસમાં બિલ પસાર થવાથી રોકવા માટે તેમના વીટોના વિશેષાધિકારનો ઉપયોગ કરી શકે છે. રિપબ્લિકન પાર્ટીની હાર બાદ અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે તેઓ ચૂંટણી પરિણામો સ્વીકારવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. ટ્રમ્પે વધુમાં જણાવ્યું હતું કે તેઓ આગામી મહિનાઓમાં ડેમોક્રેટ્સ સાથે કામ કરવા તૈયાર છે અને બંને પક્ષો આગળ વધવાનો રસ્તો શોધી કાઢશે. મધ્યસત્ર ચૂંટણીમાં રિપબ્લિકન પાર્ટીની હાર પર પ્રતિક્રિયા આપતાં ટ્રમ્પે કહ્યું કે જો તેઓ પોતે ચૂંટણી મેદાનમાં હોત, તો તેઓ ભારે બહુમતીથી જીત્યા હોત.

અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ X પર ચૂંટણી પરિણામો પર પ્રતિક્રિયા આપતાં કહ્યું

ટ્રંપ પોઇન્ટ ■ સંજય વોરા ■

કે અમેરિકન જનતાએ સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે તેઓ એવી રાજનીતિ ઇચ્છે છે જે લોકોને એક કરે, વિભાજીત ન કરે અને એવા નેતાઓ ઇચ્છે છે જે સમસ્યાઓના નક્કર ઉકેલો પૂરા પાડે. બરાક ઓબામાએ ઉમેદવારોના ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ અને ચૂંટણીને સુચારુ રીતે પૂર્ણ કરવામાં મદદ કરનારા બંને પક્ષોના અધિકારીઓ અને સ્વયંસેવકોનો આભાર માન્યો હતો. ભવિષ્યની રણનીતિ પર બોલતાં તેમણે કહ્યું કે વર્તમાન વહીવટીતંત્ર પાસે હજુ બે વર્ષનો કાર્યકાળ બાકી છે, પરંતુ હવે અમારું કાર્ય તૈયાર થવાનું છે, શક્ય હોય ત્યાં પરિવર્તન લાવવાનું છે, વધુ નુકસાન અટકાવવાનું છે અને ભવિષ્ય માટે મજબૂત પાયો નાખવાનું છે.

ઈરાની સંસદના સ્પીકર મોહમ્મદ ગાલિબાફે કહ્યું કે અમેરિકન લોકોએ ઈરાન સાથેના યુદ્ધને સંપૂર્ણપણે નકારી કાઢ્યું છે. તેમણે અમેરિકન સરકારને ઇરાન પર નવા હુમલાઓ સામે ચેતવણી આપતાં કહ્યું કે તેણે જાહેર અભિપ્રાય અને લોકોની ઇચ્છાનો આદર કરવો જોઈએ. મધ્યસત્ર ચૂંટણીનાં પરિણામો આવતાંની સાથે જ ડેમોક્રેટ્સે ઘણાં અમેરિકન રાજ્યોમાં ગવર્નરની ચૂંટણીઓ જીતી લીધી છે. કેથી હોચુલે ન્યૂયોર્કમાં તેમનું ગવર્નરપદ જાળવી રાખ્યું, ફિલ વેઈઝર કોલોરાડોમાં જીત્યા અને વર્તમાન ગવર્નર નેડ લેમોન્ટે કનેક્ટિકટમાં બીજો કાર્યકાળ સુરક્ષિત કર્યો.

અમેરિકાની કોંગ્રેસમાં બે ગૃહો છેઃ નીચલું ગૃહ પ્રતિનિધિ ગૃહ અને ઉપલું ગૃહ સેનેટ. પ્રતિનિધિ ગૃહમાં બહુમતી મેળવવા માટે કોઈ પક્ષને ૨૧૮ બેઠકો જીતવી જરૂરી છે, જ્યારે સેનેટમાં સ્પષ્ટ બહુમતી માટે ૫૧ બેઠકોની જરૂર છે. જો બંને પક્ષો ઉપલા ગૃહમાં ૫૦-૫૦ બેઠકો ધરાવે તો ઉપરાષ્ટ્રપતિને મત આપવાનો અધિકાર છે, જેનાથી તેમના પક્ષને સેનેટ પર નિયંત્રણ મળે છે.

અમેરિકામાં દરેક રાજ્ય ચૂંટણીઓ યોજવા માટે જવાબદાર છે. ફ્લોરિડા જેવાં કેટલાંક રાજ્યો ચૂંટણી દિવસ પહેલાં વહેલા અને ટપાલ દ્વારા મતપત્રો મોકલવાનું શરૂ કરે છે, જ્યારે અન્ય રાજ્યો ૩ નવેમ્બરથી મત ગણતરી શરૂ કરે છે. મોટા ભાગનાં રાજ્યોમાં ચૂંટણી પછીના ઓડિટની જરૂર પડે છે, જ્યાં મશીન વોટની ગણતરી મેન્યુઅલ બેલેટ ગણતરી સાથે કરવામાં આવે છે. જો કે, નિયમો રાજ્ય પ્રમાણે અલગ અલગ હોય છે. સામાન્ય રીતે સંપૂર્ણ ગણતરી મેન્યુઅલી કરવામાં આવે છે. દરેક રાજ્ય અને સ્થાનિક સત્તામંડળના પોતાના નિયમો હોય છે, જે નક્કી કરે છે કે મતોની ચકાસણી અને ગણતરીની પ્રક્રિયામાં કોણ ભાગ લઈ શકે છે, કયા ક્રમમાં મતોની ગણતરી કરવામાં આવે છે અને મતગણતરીની પ્રક્રિયાના કયા ભાગો જાહેર જનતા માટે ખુલ્લા હોય છે. અમેરિકામાં મધ્યવર્તી ચૂંટણીઓને રાષ્ટ્રપતિના બે વર્ષનાં પ્રદર્શન પર જાહેર અભિપ્રાય તરીકે જોવામાં આવે છે. તેથી, આ પરિણામોને ટ્રમ્પ માટે એક મોટા રાજકીય આંચકા તરીકે જોવામાં આવી રહ્યાં છે. ચૂંટણી પરિણામો ડોનાલ્ડ ટ્રમ્પની નીતિઓ અને તેમના પ્રદર્શન પ્રત્યે મતદારોનો અસંતોષ દર્શાવે છે. ચૂંટણી પ્રચાર દરમિયાન, ડોનાલ્ડ ટ્રમ્પે તેમના પક્ષના ઉમેદવારો માટે ઘણાં રાજ્યોમાં પ્રચાર કર્યો હતો. તેમણે જીતવા માટે તમામ પ્રયાસો કર્યા, તેમ છતાં રિપબ્લિકન પાર્ટીને હારનો સામનો કરવો પડ્યો છે. હાર બાદ, ટ્રમ્પે પરિણામો સ્વીકારવાની અને ડેમોક્રેટિક પાર્ટી સાથે કામ કરવાની તૈયારી દર્શાવી છે. કોંગ્રેસમાં ડેમોક્રેટ્સની બહુમતી સાથે તેઓ હવે ટ્રમ્પ વહીવટીતંત્રના નિર્ણયો પર પ્રશ્ન ઉઠાવી શકશે અને તેની નીતિઓનો વિરોધ કરી શકશે. જો કે ટ્રમ્પ રાષ્ટ્રપતિ રહેશે, પરંતુ સંસદીય બહુમતીનો અભાવ તેમના માટે તેમના નિર્ણયો લાગુ કરવામાં મુશ્કેલ બનાવશે. ભવિષ્યમાં સરકાર અને વિપક્ષ વચ્ચે સંઘર્ષ વધવાની શક્યતા છે. અમેરિકાની મધ્યસત્ર ચૂંટણીમાં ડેમોક્રેટ્સે સેનેટ અને હાઉસ બંને પર કબજો કર્યા પછી વૈશ્વિક શેરબજાર અને ડોલર રાતોરાત નીચા સ્તરેથી પાછા ફર્યા છે. પરિણામોએ એવી પણ આશંકા વ્યક્ત કરી છે કે નિયમનકારી ચકાસણી દ્વારા AI ક્ષેત્રના ઝડપી વિકાસને રોકી શકાય છે. આજે સવારે યુરોપમાં પરિણામો આવી રહ્યાં છે તેમ, MSCIનો ઓલ-વર્લ્ડ ઇન્ડેક્સ ૦.૧૩ ટકા વધ્યો છે, જ્યારે યુરોપનો STOXX 600 ઇન્ડેક્સ - જે AI-સંબંધિત જોખમો સામે હેજ તરીકે કામ કરે છે તે ૦.૫ ટકા વધ્યો છે. ચીનનો સ્ટોક બેન્ચમાર્ક બે ટકાથી વધુ વધ્યો છે, જે સાત મહિનામાં તેનો શ્રેષ્ઠ દિવસ છે. ડેમોક્રેટ્સની જીત બાદ ક્રિપ્ટોકરન્સી તેના ઘટાડામાંથી સ્વસ્થ થઈ ગઈ છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

અમેરિકામાં મધ્યવર્તી ચૂંટણીઓને રાષ્ટ્રપતિના પ્રદર્શન પર જાહેર અભિપ્રાય તરીકે જોવામાં આવે છે. આ પરિણામોને ટ્રમ્પ માટે એક મોટા રાજકીય આંચકા તરીકે જોવામાં આવી રહ્યાં છે

SURAT MUNICIPAL CORPORATION

FIT INDIA

Tenders are invited for various Dept. works online on https://smctender.nprocure.com from Government Approved /Experienced contractors with following schedule.

No.	Name of Department	Tender No.	No. of work	Total No. of work	Total Estimated cost Rs. (Lac)
01	NEW EAST (SARTHANA) ZONE	DMC/NEZ/15/ 2026-27		32	1728=81
	Road Dept.		05		
	Housing Dept.		21		
	Garden Dept.		03		
	Draiange Dept.		01		
	Land & Estate Dept.		01		
	Water Dept.		01		
02	NEW EAST (SARTHANA) ZONE	DMC/NEZ/16/ 2026-27		04	1238=06
	Road Dept.		02		
	Garden Dept.		02		

The detail tender notice will be made available on website (Visit Us www.suratmunicipal.gov.in).

No.P.R.O./321/2026-27
Date:04-11-2026

Commissioner
Surat Municipal Corporation

RAJHANS ®



ગોપીતળાવ
નવસારી બજાર, સુરત

દિપાવલીનું નઝરાણું

રામાયણ

રણબીરકપુર, સાઈ પલ્લવી, સન્ની દેઓલ, યશ, રકુલપ્રિત સિંહ, અરૂણ ગોહીલ, લારા દત્તા

૯.૧૫, ૧૦.૦૦, ૧૦.૪૫, ૧.૧૫, ૨.૦૦, ૨.૪૫, ૫.૧૫, ૬.૦૦, ૬.૪૫, રાત્રે ૯.૧૫, ૧૦.૦૦, ૧૦.૪૫

થિયેટર પર અને bookmyshow.com અને Paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

APPLE CINEMA

★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર

ફકી માળ, એકઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. ✆: 99984 46007

Book Tickets Now from : bookmyshow.com @applecinemasurat

દિપાવલીનું નઝરાણું



રામાયણ

રણબીરકપુર, સાઈ પલ્લવી, સન્ની દેઓલ, યશ, રકુલપ્રિત સિંહ, અરૂણ ગોહીલ, લારા દત્તા, વિવેક ઓબેરોય, કાજલ અગ્રવાલ, કુનાલ કપુર

૭.૦૦, ૭.૩૦, ૮.૦૦, ૮.૩૦, ૯.૦૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૦.૩૦, ૧૦.૪૫, ૧૧.૧૫, ૧૧.૪૫, ૧૨.૧૫, ૧૨.૪૫, ૧.૩૦, ૨.૦૦, ૨.૩૦, ૩.૦૦, ૩.૩૦, ૪.૦૦, ૪.૩૦, ૫.૧૫, ૫.૪૫, ૬.૧૫, ૬.૪૫, ૭.૧૫, ૭.૪૫, રાત્રે ૮.૧૫, ૮.૩૦, ૯.૦૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૦.૩૦, ૧૧.૦૦, ૧૧.૩૦

The Cat in the Hat (હિન્દી) ૧.૦૦, ૩.૦૦ | ઉડતાતીર ૫.૩૦

દિપાવલીનું નઝરાણું



રામાયણ

રણબીરકપુર, સાઈ પલ્લવી, સન્ની દેઓલ, યશ, રકુલપ્રિત સિંહ, અરૂણ ગોહીલ, લારા દત્તા, વિવેક ઓબેરોય, કાજલ અગ્રવાલ, કુનાલ કપુર

૧૨.૧૫, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૩૦, રાત્રે ૯.૩૦, ૧૦.૦૦

RUPAM CINEMA

એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

RAJ IMPERIAL INOX

વરાછા સરથાણા નેચર પાર્ક પાસે

Booking Movie Tickets @ Raj Imperial Inox

Ph.: 02612577777

દિપાવલીનું નઝરાણું



રામાયણ

રણબીરકપુર, સાઈ પલ્લવી, સન્ની દેઓલ, યશ, રકુલપ્રિત સિંહ, અરૂણ ગોહીલ, લારા દત્તા, વિવેક ઓબેરોય, કાજલ અગ્રવાલ, કુનાલ કપુર

2D રેગ્યુલર : 7.20 am, 10.15 am, 11.05 am, 6.05 pm, 6.55 pm, 10.00 pm, 10.50 pm

ATMOS 2D : 9.15 am, 1.10 pm, 5.05 pm, 9.00 pm

ATMOS 3D : 9.35 am, 10.35 am, 1.30 pm, 2.30 pm, 5.25 pm, 6.25 pm, 9.20 pm, 10.20 pm

3D રેગ્યુલર : 10.05 am, 2.00 pm, 5.55 pm, 9.50 pm

દ્રશ્યમ-3 3.00 pm